ચાંદપુર-દુધપુર માર્ગ પર પાણી ભરાતા અવરજવર મુશ્કેલ

કઠોલીથી ચાંદપુર અને દુધપુર પાસે કેનાલમાં બે જગ્યાએ લીકેજ, સમારકામની માંગ

રસ્તા પર પાણી ભરેલુ રહેવાના કારણે ટુવ્હિલર સાધનોને અવર જવરમાં મુશ્કેલી

(પ્રતિનિધિ) સંખેડા, તા.4

સંખેડા તાલુકાના ચાંદપુર-દુધપુર મુખ્ય માર્ગ પર કેનાલમાં બે સ્થળે લીકેજ થતા પાણીનો મોટા પાયે વેડફાટ થઈ રહ્યો છે. તંત્રની બેદરકારીના કારણે રસ્તા પર પાણી ભરાઈ જતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



કેનાલ વિભાગ દ્વારા ખેડૂતોના પાકને ધ્યાનમાં રાખીને એપ્રિલ મહિનાના અંત સુધી પાણી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે, જે ખેતી માટે લાભદાયી છે. જોકે, કઠોલીથી ચાંદપુર-દુધપુર તરફ જતી કેનાલમાં બે સ્થળે મોટા લીકેજ સર્જાયા છે. આ લીકેજને કારણે કેનાલનું કિંમતી પાણી સતત રસ્તા પર વહી રહ્યું છે, જેના લીધે આખો માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયો છે.

રસ્તા પર સતત પાણી ભરાયેલું રહેવાને કારણે દ્વિચક્રી અને અન્ય વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. અનેકવાર વાહનો સ્લિપ થવાનો કે અકસ્માત થવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. દૂધ ભરવા જતા નાગરિકોને પણ અવરજવરમાં મુશ્કેલી પડે છે.

એક તરફ ઉનાળાની સિઝનમાં પાણીનું ટીપે ટીપું કિંમતી છે, ત્યારે બીજી તરફ તંત્ર દ્વારા આ લીકેજ તરફ દુર્લક્ષ સેવવામાં આવતા હજારો લિટર પાણીનો વ્યય થઈ રહ્યો છે. સ્થાનિક રહીશોએ તંત્ર વહેલી તકે આ લીકેજનું સમારકામ કરે તેવી માંગ કરી છે, જેથી પાણીનો બગાડ અટકે અને રસ્તા પરની અવરજવર સામાન્ય બની શકે.

પાદરા તાલુકાના કર્ણાકુવા ગામે મહિલાએ ફિનાઈલ પીતા સારવાર હેઠળ

પાદરા : પાદરા તાલુકાના કર્ણાકુવા ગામે એક યુવતીએ ઘરમાં થયેલા કુટુંબિક તણાવના કારણે ફિનાઈલ પી લેતા ચકચાર મચી જવા પામી હતી. ઘટનામાં યુવતીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. મળતી માહિતી મુજબ, કર્ણાકુવા ગામે પાણીની ટાંકી પાસે રહેતી ખુશ્બુબેન (ઉમર ૨૨) એ પોતાના પતિ અને સાસુ સાથે થતા અવારનવારના ઝગડાથી માનસિક તણાવમાં આવી આકસ્મિક પગલું ભર્યું હતું.તેઓએ ઘરની ઓસરીમાં રાખેલી ફિનાઈલની બોટલમાંથી એકાદ ઘૂંટ પી લીધા હતા. આ બનાવ ઘટના બાદ પરિવારજનો દ્વારા તરત જ ખુશ્બુબેનને સારવાર માટે એસ.એસ.જી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

એગ્રીકલ્ચર લાઈનનો પાવર બંધ ન થતાં અકસ્માત, સલામતી સાધનોના અભાવના આક્ષેપ

તેરસા ગામે જ્યોતિગ્રામ કામ દરમિયાન ત્રણ શ્રમિકોને કરંટ લાગ્યો: પુલ પરથી પટકાયા છતાં આબાદ બચાવ

(પ્રતિનિધિ) શિનોર, તા.4

શિનોર તાલુકાના તેરસા ગામે જ્યોતિગ્રામ યોજનાનું કામ કરતી વખતે ત્રણ શ્રમિકોને અચાનક વિદ્યુત કરંટ લાગતાં તેઓ પુલ પરથી નીચે પટકાયા હતા. સદનસીબે નીચે માટી હોવાના કારણે મોટી જાનહાની ટળી હતી અને ત્રણેય શ્રમિકોનો આબાદ બચાવ થયો હતો. જોકે તેમના હાથ અને છાતીના ભાગે ઈજાઓ પહોંચી હતી.

માહિતી મુજબ તેરસા ગામે કુકસ એગ્રીકલ્ચર લાઈન ઉપર MBCC હેઠળ જ્યોતિગ્રામ યોજનાનું કામ કોન્ટ્રાક્ટરના મજૂરો દ્વારા ચાલી રહ્યું હતું. કોન્ટ્રાક્ટર દ્વારા અગાઉથી જાણ કરવામાં આવી હોવા છતાં વીજ કંપની દ્વારા એગ્રીકલ્ચર લાઈનનો પાવર બંધ કરવામાં આવ્યો નહોતો. કામગીરી દરમિયાન બંને લાઈનના વાયરો ભેગા થતાં કામ કરતા ત્રણ શ્રમિકોને કરંટ લાગ્યો હતો.કરંટ લાગતાં શ્રમિકો પુલ પરથી નીચે પટકાયા હતા, પરંતુ વાયર હાથમાંથી છૂટી જતા મોટી દુર્ઘટના ટળી હતી.

સ્થાનિક સ્તરે એવો આક્ષેપ પણ સામે આવ્યો છે કે કામ દરમિયાન શ્રમિકોને જરૂરી સલામતી સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નહોતા. ઈજાગ્રસ્તોને મોટા ફોફળિયા સી.એ. પટેલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ સામાન્ય ઈજા હોવાનું જણાતા તેમને રજા આપવામાં આવી હતી.

સાવલીમાં 11મો નિઃશુલ્ક સમૂહ લગ્નોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) સાવલી, તા.4

135 વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય પરિવાર દ્વારા સંચાલિત સ્વ.મહેન્દ્રભાઈ જશભાઈ ઈનામદાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ નિઃશુલ્ક સર્વજ્ઞાતિ સમુહલગ્નનું આયોજન કરાયછે તે અનુસંધાને ધારાસભ્ય ના સ્વ.પિતા મહેન્દ્રભાઈના જન્મદિવસ નિમિત્તે આ વર્ષે પણ પોઈચા રોડ પર આવેલ કેતનફાર્મ પર 21 મુસ્લિમ યુગલો સહિત 751 યુગલો માટે 11 માં નિઃશુલ્ક સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવનું ભવ્ય આયોજન કરાયું. સાવલીના સુપ્રસિદ્ધ ભીમનાથ મહાદેવ મંદિરેથી ઈનામદાર પરિવાર દ્વારા પૂજા દર્શન કરી વરરાજાઓ અને જાનૈયાઓ ને લગ્ન સ્થળે

વાજતેગાજતે પ્રસ્થાન કરાવ્યું હતું. અને જાન સહિત વરરાજાઓ ડીજેના તાલે લગ્ન સ્થળ કેતન ફાર્મ પહોંચ્યા હતાં. જ્યાં 21 મુસ્લિમ યુગલોના નિકાહ સહિત 751 હિંદુ યુગલોના શાત્રોક્તવિધિથી લગ્ન સંપન થતાં.

આ પ્રસંગે VYO વૈષ્ણવ યુવા ઓર્ગેનાઈઝેશનના સંસ્થાપક વ્રજધામ મંદિરના ગાદીપતિ વૈષ્ણવઆચાર્ય વ્રજકુમારજી મહારાજની વિશેષ ઉપસ્થિતી રહી હતી અને આશીર્વચનમાં જીવનમાં તપ - દાન - યજ્ઞ નું મહત્વ ની સમઝ આપી, સમાજમાં પ્રચલિત કુરિવાજો ખોટા ખર્ચાઓ સમયની બચત અને મુસ્લિમ સહિત સર્વજ્ઞાતિ સમૂહલગ્નના આયોજન માટે ધારાસભ્ય સહિત ઈનામદાર પરિવારને અભિનંદન આપ્યા હતા.

પાદરામાં જાહેરનામાનો ભંગ

પરમીટ વિના લાકડાનો દંડો લઈ ફરતો ઈસમ ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.4

પાદરા નગર વિસ્તારમાં જાહેરનામાનો ભંગ કરતા એક ઈસમને પોલીસે ઝડપી પાડ્યો હતો. બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગોવિંદપુરા ચોકી પાસે રોડ પર પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મહેશભાઈ છગનભાઈ ઠાકોર (ઉ.વ.૪૫, રહે. જારોલા ગામ, તા. બોરસદ, જી. આનંદ) પોતાના કબ્જાની ફોર વ્હીલ ગાડીમાં વગર લાયસન્સ અને પાસ-પરમીટ એક લાકડાનો દંડો લઈ ફરતા ઝડપાયા હતા. પોલીસે તેમની પાસે થી આશરે રૂપિયા ૫૦ કિંમતનો લાકડાનો દંડો કબજે કર્યો હતો. તપાસ

દરમિયાન જાણવા મળ્યું હતું કે, જિલ્લા કલેક્ટર અને મેજિસ્ટ્રેટ દ્વારા તા. ૧૭ માર્ચ ૨૦૨૬ થી તા. ૧૬ એપ્રિલ ૨૦૨૬ સુધી લાગુ જાહેરનામા મુજબ આવા હથિયાર જેવી વસ્તુઓ રાખવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં આરોપીએ આ જાહેરનામાનો ભંગ કર્યો હતો. આ અંગે પાદરા પોલીસ દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

પાંચ થી વધુ ઈસમો ઇજાગ્રસ્ત થતા ભારે અફરાતફરી ના દ્રશ્યો સર્જાયા હતા

સાવલી ડેસર રોડ પર આવેલા પરથમ પુરા ગામ પાસે બોલેરો અને ડમ્પર વચ્ચે અકસ્માત

(પ્રતિનિધિ) સાવલી, તા.4

મળતી માહિતી મુજબ સાંજના પાંચ વાગ્યા ની આસપાસ સેવાલિયા કેટરિંગ ના કામ અર્થે મજૂરો લઈને મંજુસર ટેમ્પો દ્વારા જતા હતા તે સમયે દરમ્યાન બોલેરો ટેમ્પો પરથમ પુરા ગામ પાસે પસાર થતો હતો ત્યારે સાવલી તરફ થી આવતા ડમ્પર નંબર જીજે 06 એ વી 9902 નું ડમ્પર પૂરઝડપે મંજુસર જતા બોલેરો પીકઅપ નંબર જી જે 07 વાય વાય 4058 સાથે ધડાકા ભેર અથડાયુ હતું તેના પગલે બોલેરો માં સવાર મજૂરો ધડાકાભેર બહાર ફેંકાઈ હતા અને ભારે ઈજાગ્રસ્ત થયા હતા અને સવાર પાંચ થી લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા બનાવ પગલે રોડ પર ઘાયલો

દર્દ થી કણસતા જોવા મળી રહ્યા હતા ઈજાગ્રસ્તો માં નાની ઉમરના સગીરો નો સમાવેશ થતો હતો બનાવના પગલે રાહદારી ઓ અને આજુબાજુના ખેતરોમાં કામ કરતા ગ્રામજનો દોડી આવ્યા હતા અને કેટલાક ઈજાગ્રતોને ટેમ્પો માંથી બહાર કાઢ્યા હતા આ અકસ્માત ને પગલે રોડ પર ભારે ટ્રાફિક જામ ના દ્રશ્યો સર્જાયા હતા ઘાયલો ને તાત્કાલિક સારવાર અર્થે 108 દ્વારા સાવલી જનમોત્રી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવા માં આવ્યા હતા ઈજગ્રસ્તો માં (1) કેતનભાઈ લાલજીભાઈ ઉમર 19 રહે કોસમ સેવાલિયા (2)જયેશ શાભાભાઈ દેવીપૂજક ઉમર 15 (3) પાયલ નવઘણ ભાઈ દેવીપૂજક ઉમર આશરે 20 રહે કોસમ સેવાલિયા (4) લક્ષ્મી બેન શૈલેષભાઈ દેવી પૂજક રહે કોસમ સેવાલિયા ના સહિત ઈજાગ્રસ્ત થયા હતા આ બનાવમાં હજુ કોઈ મૃત્યુ ના અહેવાલ મળ્યા નથી સાવલી પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

રાજપૂત સમાજ દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો ધમાકેદાર પ્રારંભ

(પ્રતિનિધિ) સંખેડા, તા.4

સામાજિક એકતા અને રમતગમતના સમન્વય સાથે સંખેડાની ડી બી પારેખ મેદાન ખાતે મેવાસ રાજપૂત સમાજ દ્વારા શનિવારથી ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો ધમાકેદાર પ્રારંભ થયો છે. આ ટુર્નામેન્ટમાં મેવાસ રાજપૂત સમાજની કુલ 20 જેટલી ટીમોએ ઉસાહભેર ભાગ લીધો છે, જે આગામી દિવસોમાં મેદાન પર પોતાનું કૌશલ્ય બતાવશે. ક્રિકેટ ટુર્નામેન્ટના શુભારંભપ્રસંગે પરમાર હિંમતસિંહ. સરડીયા નરપતસિંહ કઠોલી યોગેન્દ્રસિંહ રામપુરા મનોહરસિંહ ઠાકોર પ્રવિણસિંહ ચાવડા હિતેન્દ્રસિંહ પ્રવિણસિંહ ગરડા રાજેન્દ્રસિંહ સુવારજા તખતસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમાજના યુવાનોમાં રમત પ્રત્યે રુચિ વધે અને પરસ્પર સામાજિક એકતા મજબૂત થાય તેવા ઉમદા હેતુથી આ સુંદર આ આયોજન કરવામાં આવ્યું છે. આ મેચમાં મેદાન પર ખેલાડીઓની ભીડ જોવા મળી હતી, જેનાથી આ સમગ્ર વાતાવરણ ખેલમય બનીગયું હતું.

બાણજ ગામે પસાર થતી નર્મદા કેનાલ પર લીલા છમ વૃક્ષોનો નિકંદન : તંત્ર મૌન

(પ્રતિનિધિ) શિનોર, તા.4

શિનોર તાલુકાના ટીંબરવા અને બાણજ ગામ વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલ પર ધોળા દિવસે લાકડાચોરો દ્વારા લીલાછમ વૃક્ષોનું નિર્દયી નિકંદન કરવામાં આવી રહ્યું છે. ખુલ્લેઆમ વૃક્ષોની કાપણી અને તેમનું વહન થતું હોવા છતાં જવાબદાર તંત્ર મૌન દર્શક બની ગયું હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે, જેને લઈને અનેક સવાલો ઉભા થયા છે.

એક તરફ ગુજરાત સરકાર પર્યાવરણના સંરક્ષણ માટે કરોડો રૂપિયાનું ખર્ચ કરી રહી છે અને લોકોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજી રહી છે. પરંતુ બીજી તરફ ટીંબરવા અને

બાણજ ગામ વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલ પર લાકડાચોરો બેધડક રીતે લીલાછમ વૃક્ષોનું નિકંદન કરી રહ્યા છે.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દિવસદાઢે ચાલી રહી હોવા છતાં કોઈ પણ પ્રકારની કડક કાર્યવાહી કરવામાં આવી નથી, જે જવાબદાર તંત્રની કામગીરી પર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે. પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેઓ દ્વારા માંગ ઉઠાવવામાં આવી રહી છે કે તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરીને લાકડાચોરો સામે કાયદેસર પગલાં ભરે અને પર્યાવરણનું સંરક્ષણ સુનિશ્ચિત કરે.

બાગાયતી પાકો લીલા મરચા અને સરગવાને યુરોપિયન યુનિયનમાં નિકાસ કરવા ઈચ્છુક ખેડૂતોને સૂચના

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

છોટાઉદેપુર જિલ્લામાં બાગાયતી પાક (લીલા મરચા તેમજ સરગવા) ની ખેતી કરતા ખેડૂતોએ પોતાના પાકને યુરોપિયન યુનિયન (European Union)માં નિકાસ કરવા ઈચ્છુક ખેડૂતો માટે કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) દ્વારા અમલમાં મુકાયેલ Veg. Net પોર્ટલ પર ઓનલાઈન ફાર્મ રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. જેના માટે ગત તા.૨૩/૦૩/૨૦૨૬થી Veg.Net પોર્ટલ અમલમાં મુકવામાં આવ્યો છે. જે બાગાયતી પાકો (લીલા મરચા તેમજ સરગવા) ની નિકાસ કરવા માટે એન્ડ-ટુ-એન્ડ ટ્રેસેબિલિટી સુનિશ્ચિત કરે છે. આ પ્રક્રિયામાં ખેડૂત નોંધણી, પેકહાઉસ નોંધણી, સેમ્પલિંગ અને લેબ ટેસ્ટિંગ, ગ્રેડિંગ પ્રમાણપત્રનો સમાવેશ થાય છે. ખેડૂતોએ પોતાના ૭/૧૨, ૮-અ, આધાર કાર્ડ, રેશનકાર્ડ, ખેતરનો કાચો નક્શો તથા ફાર્મ ડાયરી અને મોબાઈલ નંબર સાથે Veg.Net પોર્ટલ પર નોંધણી કરાવવા અરજીની કોપી અને ઉપર જણાવેલ સાધનીક કાગળો અરજી સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, રાવપુરા પોલીસ સ્ટેશન પાછળ, વડોદરા (ફોન. નં. ૦૨૬૫-૨૪૨૯૧૫૩) એ રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા અખબારી યાદીમાં જણાવાયું છે.

જન્મ/મરણ નોંધણી અરજી નં. ૨૨૫/૨૦૨૫

સુશ્રીસી.આર.પઢીયારમામલતદારઅનેએકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ,કરજણનીકોર્ટમાં

અરજદાર : પઢીયાર સજાણસિંહ ભારતસિંહ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
તલાટી કમ મંત્રીશ્રી, મીયાગામ ગ્રામ પંચાયત તા. કરજણ, જી. વડોદરા.

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ અરજી અન્વયે જાહેર નોટીસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનુ કે, અરજદારશ્રી ના પિતાશ્રી નામે ભારતસિંહ બાવાભાઈ પઢીયાર નુ મરણ મોજે ગામ : મીયાગામ, તા. કરજણ, જી. વડોદરા મુકામે તા. ૨૭-૦૮-૧૯૮૫ ના રોજ થયેલ હોય પરંતુ જે તે સમયે તેઓના પિતાના મરણની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી મીયાગામ ગ્રામ પંચાયતની કચેરીના દફતરે કરાવવાની રહી ગયેલ હોય, મરણની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૪-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - કરજણ

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય

ભગવાનનો દિવો
આરતી, તુલસીનાં છોડ પાસે દિવો કરવા માટે ગાયનાં ઘીમાં બનાવેલ રૂની તૈયાર દિવેટ મળશે. 7600239072

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

લાઈફ હિંચકાના કડાં
અમેરિકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

હિમાલયા હોલીડેઝ
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ વૈષ્ણોદેવી Rs: 20999/= Mo- 9825142005 /9427803273

નર્મદા પરિક્રમા,
ડાકોર, પાવાગઢ, મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ, શિરડી, શનિદેવ, દ્વારકા, સોમનાથ, ઉજ્જૈન, ઓમકારેશ્વર, અંબાજી, ચોટીલા, શ્રીનાથજી, ખાટુશ્યામ. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861

ઓમશિવ ટ્રાવેલ્સ
8, 22 એપ્રિલ (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર) 9- એપ્રિલ, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિર્લિંગ, કોલ્હાપુર, પંઢરપુર, 29- એપ્રિલ, દક્ષિણ ભારત, તિરૂપતિ બાલાજી, 15- મેં બદ્રીનાથ, કેદારનાથ, હરીદ્વાર, ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

મિલ્કત ભાડેથી

દુકાન ભાડે આપવાની
છે રીંગરોડ, સુરત M: ૯૮૯૮૪૯૩૩૬

વર્લ્ડ ટ્રેડ સેન્ટર
દુકાન ભાડે આપવાની છે 12X25, 503/C રીંગરોડ. 9824193040

FOR Sell
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

વાહન વે-વેચ

વેચવાનું છે
એક્સેસ વર્ષ 2012 નું મોડલ. સંપર્ક M- 9825968612

નોકરી વિષયક

જોઈએ છે
સ્કુલબસ માટે ડ્રાઈવર-4, કંડક્ટર-3, ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

કિંમત જાણીને ચોંકી જશો!
સચીન પાસે ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો અડધાથી પણ ઓછા ભાવે.
સાઈઝ: 2000થી 2500 વાર
Dhaval Cyclewala
98980 24032

જોઈએ છે
અનુભવી સુપરવાઈઝર તેના ઈન્ડસ્ટ્રીયલ એરિયા ફેક્ટરી. સીવીલ વર્ક સાઈટ. પાલથી બરબોધનના નજીકના રહેવાસીને વધુ પ્રાથમિકતા ભરત જોષી, 9822199690

જોઈએ છે
સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુવર્ણ તક. 9714134950

જોઈએ છે
ગાયનેક હોસ્પિટલ માટે આયા માસી ની તાત્કાલિક જરૂર છે. ભક્તિ હોસ્પિટલ ઉધના ગામ. મળવા માટે સંપર્ક ૯૭૨૭૭૧૧૫૬૭..

જોઈએ છે સ્ટાફ,
ઈલેક્ટ્રીશ્યન/વાયરમેન, અનુભવી/ બિન અનુભવી. સુરત, બારડોલી, માંડવી, રાજકોટ, મોરબી, જુનાગઢ માં 9913016827

તુલસી એન્ટરપ્રાઈઝ
હોમ ક્લીનીંગ આઈટમ્સ માટે સેલ્સમેન જોઈએ છે અનુભવી સેલ્સમેન કોન્ટેક્ટ કરજો. પગાર + કમીશન 9825341572 રાંદેર, ભટાર, અડાજણ, વેસુ, વરાછા, કતારગામ, વગેરે.

જોઈએ છે
અનુભવી ટર્નર 12 ફુટ લેથ માટે કતારગામ GIDC . 9825304506 9825651072

જોઈએ છે
ડિપ્લોમા બી.ઈ ઈલેક્ટ્રીકલ વાયરમેન હેલ્પર સ્ટ્રીટ લાઈટનાં કામ માટે Ph No. 9824112663

ડેટાએન્ટ્રી
ટેલીકોલિંગ માટે પાર્ટટાઈમ મહિલાની જરૂર છે પર્વત પાટિયા 9909919489

ફિઝિયોથેરાપી ક્લિનિક
(Dr Spine) માટે લેડિઝ સ્ટાફ જોઈએ છે, ઉધના મેઈન રોડ, સુરત, 7874040408

મિલ્કત વેચવાની છે

ફ્લેટ વેચવાનો છે
નાનપુરામાં, 1 BHK, મેટ્રો સ્ટેશન પાસે, ફુલ હવાઉજાસવાળો, મો. 9825177981

પ્લોટ વેચવાનો છે
ઓલપાડ સાયણ રોડ પર 80 વારનો પ્લોટ વેચવાનો 9067522763

મકાન વેચવાનું છે
પ્લોટ નંબર 464, વિભાગ- 6, સંત તુકારામ સોસાયટી, પાલનપુર જકાતનાકા. 9825278278.

બારડોલીનાં મધ્યમાં
વ્યાસ ફળીયામાં (18x110 Sq. Ft.) મકાન વેચવાનું છે. Mo. 9825249900

2 BHK ફ્લેટ
વેચવાનો. પાલનપુર ગૌરવપથ 8866660612

પાલમાં
10 માળે ટોપ ફ્લોર 4 BHK 3400 ફુટનો ફ્લેટ વેચવાનો છે બ્રિજેશ નાણાવટી 8866602999

વ્યવસાયીક આરોગ્ય વિષયક

મોતિયાનું ઓપરેશન
તમારા બજેટમાં કરાવવા પ્રખ્યાત હોસ્પિટલ દવાવાલા આઈકેર પાલનપુર જકાતનાકા સુરતનો આગ્રહ રાખો 9898133189

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.